Prepp

Practice, Learn and Achieve
Your Goal with Prepp

# UGC NET Exam

Gujarati

Simplifying
**Government Exams**

SSC CHSL | IAS EXAM | RRB NTPC | NTSE | CDS
SSC CGL | CBSE UGC NET | IBPS PO | NDA
SBI PO | IBPS CLERK | AFCAT | SSC JE | CTET
CSIR UGC NET | CAPF | IBPS RRB

www.prepp.in

# PAPER-II
# GUJARATI

**Signature and Name of Invigilator**

1. (Signature) ____________________________

   (Name) ____________________________

2. (Signature) ____________________________

   (Name) ____________________________

OMR Sheet No. : ............................................

(To be filled by the Candidate)

Roll No. | | | | | | | | |

(In figures as per admission card)

Roll No.____________________________________

(In words)

**D 3 7 1 1**

Time : 1 $^1/_4$ hours]

[Maximum Marks : **100**

Number of Pages in this Booklet : **8**

Number of Questions in this Booklet : **50**

## Instructions for the Candidates

1. Write your roll number in the space provided on the top of this page.
2. This paper consists of fifty multiple-choice type of questions.
3. At the commencement of examination, the question booklet will be given to you. In the first 5 minutes, you are requested to open the booklet and compulsorily examine it as below :
   (i) To have access to the Question Booklet, tear off the paper seal on the edge of this cover page. Do not accept a booklet without sticker-seal and do not accept an open booklet.
   (ii) **Tally the number of pages and number of questions in the booklet with the information printed on the cover page. Faulty booklets due to pages/questions missing or duplicate or not in serial order or any other discrepancy should be got replaced immediately by a correct booklet from the invigilator within the period of 5 minutes. Afterwards, neither the Question Booklet will be replaced nor any extra time will be given.**
   (iii) After this verification is over, the OMR Sheet Number should be entered on this Test Booklet.
4. Each item has four alternative responses marked (A), (B), (C) and (D). You have to darken the oval as indicated below on the correct response against each item.
   **Example :** (A) (B) ● (D)
   where (C) is the correct response.
5. Your responses to the items are to be indicated in the **Answer Sheet given inside the Paper I Booklet only.** If you mark at any place other than in the ovals in the Answer Sheet, it will not be evaluated.
6. Read instructions given inside carefully.
7. Rough Work is to be done in the end of this booklet.
8. If you write your Name, Roll Number, Phone Number or put any mark on any part of the Answer Sheet, except for the space allotted for the relevant entries, which may disclose your identity, or use abusive language or employ any other unfair means, you will render yourself liable to disqualification.
9. You have to return the test question booklet and OMR Answer sheet to the invigilators at the end of the examination compulsorily and must not carry it with you outside the Examination Hall.
10. **Use only Blue/Black Ball point pen.**
11. **Use of any calculator or log table etc., is prohibited.**
12. **There is no negative marks for incorrect answers.**

## परीक्षार्थियों के लिए निर्देश

1. पहले पृष्ठ के ऊपर नियत स्थान पर अपना रोल नम्बर लिखिए ।
2. इस प्रश्न-पत्र में पचास बहुविकल्पीय प्रश्न हैं ।
3. परीक्षा प्रारम्भ होने पर, प्रश्न-पुस्तिका आपको दे दी जायेगी । पहले पाँच मिनट आपको प्रश्न-पुस्तिका खोलने तथा उसकी निम्नलिखित जाँच के लिए दिये जायेंगे, जिसकी जाँच आपको अवश्य करनी है :
   (i) प्रश्न-पुस्तिका खोलने के लिए उसके कवर पेज पर लगी कागज की सील को फाड़ लें । खुली हुई या बिना स्टीकर-सील की पुस्तिका स्वीकार न करें ।
   (ii) **कवर पृष्ठ पर छपे निर्देशानुसार प्रश्न-पुस्तिका के पृष्ठ तथा प्रश्नों की संख्या को अच्छी तरह चैक कर लें कि ये पूरे हैं । दोषपूर्ण पुस्तिका जिनमें पृष्ठ/प्रश्न कम हों या दुबारा आ गये हों या सीरियल में न हों अर्थात् किसी भी प्रकार की त्रुटिपूर्ण पुस्तिका स्वीकार न करें तथा उसी समय उसे लौटाकर उसके स्थान पर दूसरी सही प्रश्न-पुस्तिका ले लें । इसके लिए आपको पाँच मिनट दिये जायेंगे । उसके बाद न तो आपकी प्रश्न-पुस्तिका वापस ली जायेगी और न ही आपको अतिरिक्त समय दिया जायेगा ।**
   (iii) इस जाँच के बाद OMR पत्रक की क्रम संख्या इस प्रश्न-पुस्तिका पर अंकित कर दें ।
4. प्रत्येक प्रश्न के लिए चार उत्तर विकल्प (A), (B), (C) तथा (D) दिये गये हैं । आपको सही उत्तर के दीर्घवृत्त को पेन से भरकर काला करना है जैसा कि नीचे दिखाया गया है ।
   **उदाहरण :** (A) (B) ● (D)
   जबकि (C) सही उत्तर है ।
5. प्रश्नों के उत्तर **केवल प्रश्न पत्र I के अन्दर दिये गये उत्तर-पत्रक पर ही** अंकित करने हैं । यदि आप उत्तर पत्रक पर दिये गये दीर्घवृत्त के अलावा किसी अन्य स्थान पर उत्तर चिह्नांकित करते हैं, तो उसका मूल्यांकन नहीं होगा ।
6. अन्दर दिये गये निर्देशों को ध्यानपूर्वक पढ़ें ।
7. कच्चा काम (Rough Work) इस पुस्तिका के अन्तिम पृष्ठ पर करें ।
8. यदि आप उत्तर-पुस्तिका पर नियत स्थान के अलावा अपना नाम, रोल नम्बर, फोन नम्बर या कोई भी ऐसा चिह्न जिससे आपकी पहचान हो सके, अंकित करते हैं अथवा अभद्र भाषा का प्रयोग करते हैं, या कोई अन्य अनुचित साधन का प्रयोग करते हैं, तो परीक्षा के लिये अयोग्य घोषित किये जा सकते हैं ।
9. आपको परीक्षा समाप्त होने पर प्रश्न-पुस्तिका एवं OMR उत्तर-पत्रक निरीक्षक महोदय को लौटाना आवश्यक है और परीक्षा समाप्ति के बाद उसे अपने साथ परीक्षा भवन से बाहर न लेकर जायें ।
10. **केवल नीले/काले बाल प्वाईंट पेन का ही इस्तेमाल करें ।**
11. **किसी भी प्रकार का संगणक (कैलकुलेटर) या लाग टेबल आदि का प्रयोग वर्जित है ।**
12. **गलत उत्तरों के लिए कोई अंक काटे नहीं जाएँगे ।**



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

## GUJARATI
## ગુજરાતી
## Paper – II
## પ્રશ્નપત્ર – II

**Note :** This paper contains **fifty (50)** objective type questions, each question carrying **two (2)** marks. Attempt **all** the questions.

**નોંધ :** આ પ્રશ્નપત્રમાં **પચાસ** (50) હેતુલક્ષી પ્રકારના પ્રશ્નો છે. પ્રત્યેક પ્રશ્નના **બે** (2) ગુણ છે. ઉમેદવારે **બધા** પ્રશ્નોના ઉત્તર આપવાના છે.

**1.** 'તરંગલોલા'ના કર્તાનું નામ જણાવો.
(A) જયવંતસૂરિ
(B) પાદલિપ્તાચાર્ય
(C) શીલચંદ્રવિજય
(D) રાજશેખરસૂરિ

**2.** 'શૃંગી આખ્યાન'નો મૂળ સ્રોત જણાવો.
(A) શિવપુરાણ
(B) મહાભારત
(C) રામાયણ
(D) શ્રીમદ્‌ભાગવત

**3.** 'વૈષ્ણવ નથી થયો તું રે, શીદ ગુમાનમાં ઘૂમે ?' – પંક્તિના કવિ કોણ છે ?
(A) રાજે
(B) પ્રીતમ
(C) નરસિંહ મહેતા
(D) દયારામ

**4.** 'દેશી કારીગરીને ઉત્તેજન'ના લેખક કોણ છે ?
(A) હરગોવિંદદાસ કાંટાવાળા
(B) ઈચ્છારામ દેસાઈ
(C) કરસનદાસ મૂળજી
(D) મહીપતરામ નીલકંઠ

**5.** 'આ વાદ્યને કરુણ ગાન વિશેષ ભાવે' – પંક્તિના કવિ જણાવો.
(A) કલાપી
(B) કાન્ત
(C) નરસિંહરાવ
(D) ખબરદાર

**6.** 'બળતાં પાણી'માં કયા અલંકારનો વિનિયોગ થયો છે ?
(A) અતિશયોક્તિ
(B) અન્યોક્તિ
(C) ઉત્પ્રેક્ષા
(D) ઉપમા

**7.** 'વસુંધરા'નો સમાસ દર્શાવો.
(A) મધ્યમપદલોપી
(B) કર્મધારય
(C) અવ્યયીભાવ
(D) અલુક્ તત્પુરુષ

**8.** આચાર્ય ભરતે ભાવક માટે કઈ સંજ્ઞા પ્રયોજી છે ?
(A) સામાજિક (B) સહૃદય
(C) સમાનધર્મા (D) સંવેદક

**9.** નીચેનામાંથી કયો ગ્રંથ કોલરિજનો છે ?
(A) પોએટિક્સ
(B) કલ્ચર એન્ડ એનાર્કી
(C) બાયોગ્રાફિયા લિટરેરિયા
(D) રિપબ્લિક

**10.** કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?
(A) ચર્વણા, અખંડલહરી, રૂપરચના, વિચારપ્રધાનતા
(B) અખંડલહરી, વિચારપ્રધાનતા, ચર્વણા, રૂપરચના
(C) વિચારપ્રધાનતા, રૂપરચના, અખંડલહરી, ચર્વણા
(D) રૂપરચના, ચર્વણા, વિચારપ્રધાનતા, અખંડલહરી



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

11. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?
(A) ઔચિત્ય, પદલાલિત્ય, ચારુત્વ, રમણીયતા
(B) રમણીયતા, ચારુત્વ, પદલાલિત્ય, ઔચિત્ય
(C) પદલાલિત્ય, રમણીયતા, ઔચિત્ય, ચારુત્વ
(D) ચારુત્વ, પદલાલિત્ય, ઔચિત્ય, રમણીયતા

12. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?
(A) તાલવ્ય, મૂર્ધન્ય, દંત્ય, ઓષ્ઠ્ય
(B) મૂર્ધન્ય, તાલવ્ય, ઓષ્ઠ્ય, દંત્ય
(C) દંત્ય, મૂર્ધન્ય, તાલવ્ય, ઓષ્ઠ્ય
(D) ઓષ્ઠ્ય, દંત્ય, મૂર્ધન્ય, તાલવ્ય

13. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?
(A) સદ્ગત ચંદ્રશીલાને, સ્મરણસંહિતા, ફાર્બસવિરહ, પિતૃતર્પણ
(B) ફાર્બસવિરહ, પિતૃતર્પણ, સદ્ગત ચંદ્રશીલાને, સ્મરણસંહિતા
(C) ફાર્બસવિરહ, સ્મરણસંહિતા, પિતૃતર્પણ, સદ્ગત ચંદ્રશીલાને
(D) ફાર્બસવિરહ, પિતૃતર્પણ, સ્મરણસંહિતા, સદ્ગત ચંદ્રશીલાને

14. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં છે ?
(A) વિશ્વશાંતિ, છંદોલય, સ્વપ્નપ્રયાણ, બારી બહાર
(B) વિશ્વશાંતિ, સ્વપ્નપ્રયાણ, બારીબહાર, છંદોલય
(C) વિશ્વશાંતિ, બારીબહાર, છંદોલય, સ્વપ્નપ્રયાણ
(D) વિશ્વશાંતિ, સ્વપ્નપ્રયાણ, છંદોલય, બારીબહાર

15. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?
(A) આ ઘેર પેલે ઘેર, મીરાં, અંધારી ગલીમાં સફેદ ટપકાં, કઉતુક
(B) ગુલમ્હોર, ખરા બપોર, મારો અસબાબ મારો રાગ, મોરબંગલો
(C) ગૃહ પ્રવેશ, પ્રાગૈતિહાસિક અને શોકસભા, બાપાની પીંપર, રાની બિલાડો
(D) ઉન્નયન, અપિ ચ, શ્રાવણી મેળો, રૂપકથા

16. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?
(A) લક્ષ્મી, ગુલાબ, લલિતા દુ:ખદર્શક, કાન્તા
(B) રાઈનો પર્વત, જયા-જયન્ત, કાકાની શશી, ધરા ગુર્જરી
(C) સુમંગલા, કુમારની અગાશી, અશ્વમેઘ, પુરુ અને પૌષ્ટિ
(D) પરિત્રાણ, રામલો રોબિનહુડ, શંક્તિ હૃદય, અલ્લાબેલી

17. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?
(A) વહી જતી પાછળ રમ્ય ઘોષા, માણસની વાત, પ્રવાહણ, મારે નામને દરવાજે
(B) વાતાયન, ઊર્ણનાભ, શાપિત વનમાં, બાહુક
(C) ક્યાં ?, ખડિંગ, ત્વ, સનનન
(D) અચાનક, અટકળ, હસ્તપ્રત, ક્યાંય પણ ગયો નથી.

18. કયું વિગતજૂથ યોગ્ય કાળક્રમમાં નથી ?
(A) રમણભાઈ નીલકંઠ, જ્યોતીન્દ્ર દવે, ચિનુભાઈ પટવા, મધુસૂદન પારેખ
(B) શાહબુદ્દીન રાઠોડ, બકુલ ત્રિપાઠી, જગદીશ ત્રિવેદી, નિરંજન ત્રિવેદી
(C) ધનસુખલાલ મહેતા, મસ્તફકીર, વિનોદ ભટ્ટ, અશોક દવે
(D) નટવરલાલ બૂચ, પોંગા પંડિત, રતિલાલ બોરીસાગર, નિર્મિશ ઠાકર

19. સર્વથા સુસંગત જૂથ કયું છે ?
(A) આદિલ મન્સૂરી : કવિ, નાટ્યકાર, નવલકથાકાર
(B) રાવજી પટેલ : કવિ નિબંધકાર, નાટ્યકાર
(C) રમેશ પારેખ : કવિ, વાર્તાકાર, નાટ્યકાર
(D) મધુ રાય : કવિ, વાર્તાકાર, નવલકથાકાર



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

20. સર્વથા સુસંગત જૂથ કયું છે ?
(A) મહારાજા, પ્રધાનમંત્રી, ચતુર્મુખ, એકધારું
(B) સવારસાંજ, રાતોરાત, લક્કડખોદ, વહીવંચો
(C) સ્વર્ગવાસ, દહીંવડાં, લોકહિત, ઈશ્વરાધીન
(D) યથામતિ, પ્રતિદિન, આજીવન, દરરોજ

21. સર્વથા સુસંગત જૂથ કયું છે ?
(A) શાંતિદાસ, શામળશાનો વિવાહ, સુમતિદાસનું ગૌરવ, ગોવાલણી
(B) જુમો ભિસ્તી, બુદ્ધનાં ચક્ષુ, મારી ચંપાનો વર, સારિકા પિંજરસ્થા
(C) ધૂમ્રસેર, ખીચડી, કોણ ?, કાચની સામે કાચ
(D) યુધિષ્ઠિર, મંથરા, વહુ અને ઘોડો, દેવદૂત-લય

22. સર્વથા સુસંગત જૂથ કયું છે ?
(A) જ્ઞાનસુધા, સુદર્શન, માનસી
(B) સંસ્કૃતિ, વાણી, ભાષાવિમર્શ
(C) વરતમાનપત્ર, બુદ્ધિપ્રકાશ, શાળાપત્ર
(D) ગ્રંથ, મનીષા, અરવરવ

23. સર્વથા સુસંગત જૂથ કયું છે ?
(A) ગગો, બરકવું, અટાણે, માણહું
(B) નાનલો, પોયરો, હવાકો, છાંતોપાની
(C) ઑણિયો, બૂહલું, ચાઈલો, હેંડવું
(D) છેતર, છોડી, શાશ, મોર્ય

24. સર્વથા વિસંગત જૂથ કયું છે ?
(A) ઉપહાર, જઠરાગ્નિ, ઘરભણી, આધુનિક અરણ્ય
(B) ગ્રામમાતા, ચક્રવાકમિથુન, ચિત્રવિલોપન, એભલવાળો
(C) શોધ, રાજસ્થાન, મોહેં-જો-દડો, ટોળાં-અવાજ-ઘોંઘાટ
(D) ભોળી રે ભરવાડણ, ગોવિંદો પ્રાણ અમારો, વૈશંપાયન એણી પેર બોલ્યા, શ્યામ રંગ સમીપે

25. સર્વથા વિસંગત જૂથ કયું છે ?
(A) ખેલંદો, લેડી લાલકુંવર, હજાર સારસો, શિરચ્છેદ
(B) અવતરણ, સંતુ રંગીલી, છબીલી રમતી છાનું માનું, શુકદાન
(C) કૌમાર અસંભવમ્, ઢીંગલીઘર, ગોદોની રાહમાં, ત્રણ બહેનો
(D) અષાઢનો એક દિવસ, ભમરી, ઢોલીડો, તપસ્વી અને તરંગિણી

26. સર્વથા વિસંગત જૂથ કયું છે ?
(A) બાપ, ઘાઘરો, ડગમગ, ચળવળ
(B) ખમીસ, તમંચો, દસ્તાવેજ, જલેબી
(C) હાફૂસ, બટાટા, ટામેટાં, મોસંબી
(D) ફૂટકળ, વર્તણૂંક, વાટાઘાટ, તાબડતોબ

27. સર્વથા વિસંગત જૂથ કયું છે ?
(A) ક, ચ, ટ, ત
(B) ઙ, ણ, ન, મ
(C) ઘ, ઝ, ઢ, ધ
(D) ખ, થ, છ, બ

28. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) ઉમાશંકર જોષીએ ટૂંકી વાર્તાને અનુભૂતિકરણ તરીકે ઓળખાવી છે.
(બ) રા.વિ. પાઠકે ટૂંકી વાર્તાને અર્થગર્ભ ક્ષણ તરીકે ઓળખાવી છે.
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

29. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) આચાર્ય મમ્મટ : શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્
(બ) આચાર્ય કુન્તક : શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્ વક્રકવિવ્યાપારશાલિની
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

30. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) મણિલાલ દ્વિવેદી : કંઈ લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.
(બ) બાલાશંકર કંથારિયા : ગુજારે જે શિરે તારે જગતનો નાથ તે સ્હેજે.
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

31. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) નવલ : આટલાં વર્ષે હવે મારે જીવતર પર થીંગડું નથી દેવું.
(બ) ખેમી : પણ ખીલો ઢીલો તે હું તે કેટલું જોર કરું ?
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

32. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) મળેલા જીવ : લાવ્યો છે તો લાવ્યાપણું રાખજે.
(બ) સરસ્વતીચંદ્ર : હું તો તમારો ભાઈ થાઉં હોં !
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

33. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) 'વાહ રે મૈં વાહ' ક.મા. મુનશીનું નાટક છે.
(બ) 'હું પોતે' ઝવેરચંદ મેઘાણીની સ્મૃતિકથા છે.
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

34. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) 'સાહિત્યદર્પણ'ના કર્તા આચાર્ય રુદ્રટ છે.
(બ) 'રસગંગાધર'ના કર્તા આચાર્ય જગન્નાથ છે.
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

35. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે - અક્ષરમેળ છંદ
(બ) નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો - માત્રામેળ છંદ
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

36. નીચેનાં વિધાનોની સત્યાસત્યતા તપાસો.
(અ) 'સાસુવહુની લડાઈ' 1866માં પ્રગટ થઈ છે.
(બ) 'ભદ્રંભદ્ર' 1910માં પ્રગટ થઈ છે.
(A) (અ) અને (બ) બંને સાચાં છે.
(B) (અ) અને (બ) બંને ખોટાં છે.
(C) (અ) સાચું છે અને (બ) ખોટું છે.
(D) (અ) ખોટું છે અને (બ) સાચું છે.

37. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | | યાદી-II |
|---|---|---|---|
| a. | કેશવ હર્ષદ ધ્રુવ | 1. | વાસુકિ |
| b. | બ.ક. ઠાકોર | 2. | ઈવા ડેવ |
| c. | ઉમાશંકર જોશી | 3. | વનમાળી |
| d. | પ્રફુલ્લ દવે | 4. | સેહેની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 3 | 1 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 1 | 3 | 2 | 4 |
| (D) | 2 | 1 | 4 | 3 |



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

38. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | યાદી-II |
|---|---|---|
| a. | ટેસ્સિટોરી | 1. લેંગ્વેજ |
| b. | બ્લૂમફિલ્ડ | 2. ધ લેંગ્વેજ ઑફ ગુજરાત |
| c. | ટી.એન. દવે | 3. લિંગ્વિસ્ટિક સર્વે ઑફ ઈન્ડિયા |
| d. | ગ્રીઅર્સન | 4. ઓલ્ડ વેસ્ટર્ન રાજસ્થાની |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 1 | 4 |
| (B) | 1 | 4 | 3 | 2 |
| (C) | 2 | 3 | 4 | 1 |
| (D) | 4 | 1 | 2 | 3 |

39. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | યાદી-II |
|---|---|---|
| a. | રાગ દરબારી | 1. મોહન દાંડીકર |
| b. | પહેલો ગિરમિટિયો | 2. ગોપાળરાવ વિદ્વાંસ |
| c. | ગણદેવતા | 3. રમણીક મેઘાણી |
| d. | યયાતિ | 4. હરિન્દ્ર દવે |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 1 | 3 | 2 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 1 | 4 | 2 | 3 |
| (D) | 3 | 2 | 1 | 4 |

40. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | યાદી-II |
|---|---|---|
| a. | ગોવાલણી | 1. 1951 |
| b. | તણખામંડળ-1 | 2. 1918 |
| c. | દ્વિરેફની વાતો-1 | 3. 1926 |
| d. | ગૃહપ્રવેશ | 4. 1928 |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 4 | 2 | 1 | 3 |
| (B) | 2 | 3 | 4 | 1 |
| (C) | 1 | 3 | 4 | 2 |
| (D) | 1 | 4 | 2 | 3 |

41. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | યાદી-II |
|---|---|---|
| a. | ગુજરાત વિદ્યાસભા | 1. વડોદરા |
| b. | ફાર્બસ સાહિત્યસભા | 2. સુરત |
| c. | નર્મદ સાહિત્ય સભા | 3. મુંબઈ |
| d. | પ્રેમાનંદ સાહિત્યસભા | 4. અમદાવાદ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 3 | 4 |
| (B) | 2 | 4 | 1 | 3 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 3 | 1 | 4 | 2 |

42. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | યાદી-II |
|---|---|---|
| a. | નીતા રામૈયા | 1. જળપ્રદેશમાં |
| b. | ઉષા ઉપાધ્યાય | 2. જળ બિલ્લોરી |
| c. | ઉર્વશી પંડ્યા | 3. મારા વંશની સ્ત્રીઓ |
| d. | મનીષા જોશી | 4. કંસારા બજાર |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 1 | 2 | 4 | 3 |
| (B) | 3 | 4 | 1 | 2 |
| (C) | 4 | 3 | 2 | 1 |
| (D) | 1 | 2 | 3 | 4 |

43. બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| | યાદી-I | યાદી-II |
|---|---|---|
| a. | અંધેરી નગરીનો ગંધર્વસેન | 1. નવલિકા |
| b. | હનુમાન લવકુશ મિલન | 2. કાવ્ય |
| c. | પર્જન્યસૂક્ત | 3. ચરિત્ર |
| d. | અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ | 4. નવલકથા |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 2 | 4 | 1 |
| (B) | 4 | 1 | 2 | 3 |
| (C) | 2 | 3 | 1 | 4 |
| (D) | 1 | 4 | 3 | 2 |



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

**44.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. જ્ઞાનપીઠ પુરસ્કાર | 1. દર્શક |
| b. મૂર્તિદેવી પુરસ્કાર | 2. સિતાંશુ યશશ્ચન્દ્ર |
| c. રવીન્દ્ર પુરસ્કાર | 3. રાજેન્દ્ર શાહ |
| d. કબીર ઍવોર્ડ | 4. ભગવાનદાસ પટેલ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 1 | 4 | 2 |
| (B) | 2 | 3 | 1 | 4 |
| (C) | 4 | 2 | 3 | 1 |
| (D) | 1 | 4 | 2 | 3 |

**45.** બન્ને યાદીની વિગતો સરખાવીને ખરાં જોડકાં બનાવો :

| યાદી-I | યાદી-II |
|---|---|
| a. કુમાર | 1. દીપક દોશી |
| b. નવનીત-સમર્પણ | 2. પ્રબોધ જોશી |
| c. ઉદ્દેશ | 3. પ્રીતિ શાહ |
| d. નવચેતન | 4. ધીરુ પરીખ |

| | a | b | c | d |
|---|---|---|---|---|
| (A) | 3 | 4 | 1 | 2 |
| (B) | 1 | 3 | 4 | 2 |
| (C) | 4 | 1 | 2 | 3 |
| (D) | 2 | 4 | 3 | 1 |

ગદ્યખંડ વાંચી એની નીચે આપેલા ઉત્તરોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો :

વાસ્તવની સામગ્રી કલાજગતમાં આવતાં એમાં એક પ્રકારની વ્યવસ્થા આવે છે; એને ચોક્કસ પરિમાણ મળે છે; અવ્યવસ્થિત સપ્રમાણ ને અસ્પષ્ટ સ્પષ્ટરેખ બને છે. કલાના પાત્રમાં મુકાતાં જ એને આકાર અને પ્રયોજન મળે છે. જગતમાં અને જીવનમાં બધું જ સુંદર નથી, બધું આનંદકર નથી. આપણા અનુભવો, વસ્તુજગતના સંસ્પર્શથી આપણામાં જન્મતી લાગણીઓ ક્લેશકર પણ હોય છે. આ બધાની કલામાં જ્યારે સાર્થકતા પ્રગટ થાય છે ત્યારે એ રમણીય અને આનંદકર કે અનુકૂલવેદનીય બને છે. જીવન અને જગત તરફ પણ આપણે નવી રીતે, વિસ્મયથી જોતા થઈએ છીએ. વિસ્મયના આ અનુભવમાં સૌંદર્ય અને આનંદનાં તત્ત્વો રહેલાં હોય છે. મનુષ્ય ચિત્તમાં રહેલા સ્થાયીભાવો કલાકૃતિમાં રસરૂપે અનુભવાય છે એમ કાવ્યમીમાંસકો કહે છે ત્યારે તેઓ આ જ પ્રક્રિયા ને પરિણામનું સૂચન કરે છે.

**46.** ગદ્યખંડમાં કયા મુદ્દાનો સમાવેશ છે ?
(A) જીવનની સાર્થકતાનો
(B) કળા અને વાસ્તવના સંબંધનો
(C) વાસ્તવની વ્યવસ્થાનો
(D) જન્મની લાગણીઓનો

**47.** વાસ્તવ કળામાં આવતાં કેવો ફેરફાર થાય છે ?
(A) એક પ્રકારની અવ્યવસ્થા સરજાય છે.
(B) એ વધારે ધૂંધળું બને છે.
(C) એ વ્યવસ્થિત રૂપ ધારણ કરે છે.
(D) એ કળાને પૂરેપૂરી બગાડે છે.

**48.** વિસ્મયને કારણે મનુષ્યચિત્તમાં કેવી પ્રક્રિયા થાય છે ?
(A) ચિત્તને અસ્વસ્થ કરે છે.
(B) ઉન્માદની પરિસ્થિતિનું નિર્માણ થાય છે.
(C) એ સુંદરતાનો વિલક્ષણ અનુભવ કરાવે છે.
(D) આનંદથી વિમુખ કરે છે.

**49.** જીવન અને જગત તરફ વિસ્મયથી જોવું એટલે
(A) વાસ્તવથી વિમુખ થઈ જવું.
(B) સ્વ થી દૂર નીકળી જવું.
(C) ક્લેશકર લાગણીઓનો ભોગ બનવું.
(D) રસપ્રક્રિયાના અનુભવમાંથી પસાર થવું.

**50.** કળા જીવનને કઈ રીતે પ્રભાવિત કરે છે ?
(A) જીવન અને જગતને જોવાની નવી દૃષ્ટિ આપે છે.
(B) જીવનને વધારે ગૂંચવણવાળું બનાવે છે.
(C) જીવનને જીવન રહેવા દેતી નથી.
(D) જીવનને અસુંદર બનાવે છે.



Latest Sarkari Jobs, Govt Exam Results, Vacancies and updates on one click
Know More

prepp

# Latest Sarkari jobs, Govt Exam alerts, Results and Vacancies

- Latest News and Notification
- Exam Paper Analysis
- Topic-wise weightage
- Previous Year Papers with Answer Key
- Preparation Strategy & Subject-wise Books

To know more **Click Here**

www.prepp.in